અપીલ અરજી નં.૧૦૮ તા.૧૭–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પ્રવિણચંદ્ર ગુણવંતરાય જાદવ

સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણચંદ્ર ગુણવંતરાય જાદવની તા.૨૫–૬–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૩૨૭૬/અ/૪ કર્મયોગ બિલ્ડીંગના પાર્કીગની જગ્યામાં પ્લાન મંજુર થયેલ છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :– અરજદાર મજકુરની તા.૧૭–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૮/૨૦૦૯–૧૦

શ્રી પ્રવિણચંદ્ર ગુણવંતરાય જાદવની તા.૨૫–૬–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૩૨૭૬/અ/૪ કર્મયોગ બિલ્ડીંગના પાર્કીગની જગ્યામાં પ્લાન મંજુર થયેલ છે તેની માહિતી આપવા બાબતે સે.ઝોન/આરટી/આ.નં.૪૫૦ તા.૧૪–૭–૦૯ ના મળેલા પત્રના અનુસંધાને એપેલેટ ઓફિસરને તા.૧૭–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૨ તા.૨૩–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)અને અરજદારને મુળ અરજીથી માંગ્યા પૈકીની કઈ માહિતી મળેલ છે તથા કઈ મળેલ નથી, તેમજ મળેલ પૈકી કઈ સામે શા કારણથી નારાજગી છે તેના આધારપુરાવા તથા વાજબીપણુ રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૩ તા.૭–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળઅરજી તથા અરજદારને પાઠવેલ માહિતીના પત્રની નકલ અને નોંધ વિભાગ મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૨૫–૬–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૩૨૭૬/અ/૪ કર્મયોગ બિલ્ડીંગ ચાર માળનું છે જેમાં મંજુર થયેલ પ્લાન મુજબ ભોંય તળિયામાં પાર્કીગ બતાવેલ છે અને ચાર માળનું બાંધકામ છે અને હાલમાં પાર્કીગની જગ્યાએ બે રૂમ બનાવવામાં આવેલ છે. તો ગ્રાઉન્ડ ફલોર ઉપર પાર્કીગ નથી ત્યાં પણ પ્લાન મંજુર થયેલ છે ખરેખર પાર્કીગની જગ્યામાં બાંધકામ મંજુર થયેલ હોય તો તેની વિગતોની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૩ તા.૭–૮–૦૯ થી "વોર્ડ નં.૧ નોંધ નં.૩૨૭૬/અ/૪ વાળી મિલ્કતમાં ભોંય તળીયે પાર્કીગ તરીકેના પ્લાન મંજુર થયેલ છે." તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. આમ ભોંય તળીયે પાર્કીગ તરીકેનો પ્લાન મંજુર થયેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારની અપીલ તબકકેની રજૂઆત સ્પષ્ટ નથી પરંતુ વિષય વસ્તુ જોતાં ગ્રાઉન્ડ ફલોર પાર્કીગની જગ્યામાં બાંધકામ થયેલ હોય તો તે અંગે કાર્યવાહીને લગતી બાબત જણાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં પાર્કીગની જગ્યામાં થયેલા બાંધકામ બાબતે અરજદાર કાર્યવાહી હાથ ધરવા અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે..

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રીપ્રવિણચંદ્ર ગુણવંતરાય જાદવ,